# ઉધમ પૂંજીદાતા (વેંચર કેપિટાલિસ્ટ)

વેન્ચર કેપિટાલિસ્ટ એ એક રોકાણકાર છે જે સ્ટાર્ટઅપ (નવો વ્યવસાય) શરૂ કરવા અથવા વિસ્તરણ કરવા માટે ભંડોળ પૂરું પાડે છે. જો કંપની સફળ થાય તો રોકાણ પર નોંધપાત્ર વળતર (આર.ઓ.આઈ.) મળી શકવાની સંભાવનાઓ હોઈ તેઓ ભંડોળ પુરું પાડે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે તમારા પોતાના કામની પ્રક્રિયા નક્કી કરી શકો છો
- તમે સાવચેત અને સુયોજીત વ્યક્તિ છો
- તમે ખર્ચ અને આવકનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- લોકોને તેમની સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવાનું તમને ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. કોઈપણ વિષયમાં સ્નાતકનો અભ્યાસ કરો (બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/મેનેજમેન્ટ સ્ટડીઝ ઈચ્છનિય છે).

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કરો અને MBA કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૪૦,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Associate_-_Venture_Capital_Firm/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વેન્ચર કેપિટલ ફર્મ્સ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ કરી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. મીટિંગ્સમાં હાજરી આપવા માટે તમારે સ્થાનિક મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

વિશ્લેષક → પ્રી-એમબીએ એસોસિયેટ → પોસ્ટ-એમબીએ અથવા સિનિયર એસોસિયેટ → પ્રિન્સિપાલ અથવા વીપી → પાર્ટનર અથવા જુનિયર પાર્ટનર → સિનિયર પાર્ટનર અથવા જનરલ પાર્ટનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈનવેસ્ટમેન્ટ એસોસિએટ્સ, વેન્ચર કેપિટલ એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયામિલિયા ઈસ્લામિયા
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. ભારતીય મેરીટાઇમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. એમ.એસ.યુ., વડોદરા
૮. રેનશો યુનિવર્સિટી, કટક

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. સ્કૂલ ઑફ બિઝનેસ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૨. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી
૩. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૪. વી.આઈ.ટી. બિઝનેસ સ્કૂલ, ચેન્નાઈ
૫. જામિયા હમદર્દ, નવી દિલ્હી
૬. એ.આઈ.એમ.એસ. સંસ્થાઓ, બેંગ્લોર
૭. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૮. ટેકનો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**શ્રીરામ કૃષ્ણન** હાલમાં વેન્ચર કેપિટલ ફર્મ એન્ડ્રીસેન હોરોવિટ્ઝમાં રોકાણકાર અને ભાગીદાર તરીકે કામ કરે છે. તેઓ એલોન મસ્ક દ્વારા ટ્વિટરની ખરીદીમાંના રોકાણકારો પૈકીના એક છે. તેમણે એસ.આર.એમ. એન્જિનિયરીંગ કૉલેજ, અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈમાંથી ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં બી.ટેક.ની પદવી હાસલ કરેલ છે*

સ્રોત:
https://www.business-standard.com/article/current-affairs/chennai-and-srm-college-await-musk-s-chosen-man-krishnan-s-visit-122110101279_1.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.